



ગજેન્દ્રસિંહની આત્મહત્યા મામલે કેજરીવાલે માફી માંગી Page-6

સુવિચાર : હાથ બાંધે ક્યું ખડે હો તકદીર કે સામને.. હાદસે કુછ ભી નહીં હોંસલો કે સામને.. - અહમદ રામપુરી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૫ | ૨૫ એપ્રિલ, ૨૦૧૫, શનિવાર ; વૈશાખ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો

## ૧લી જાન્યુઆરી- ૨૦૧૫થી અસર અપાશે : ભથ્થુ રોકડમાં ચુકવાશે : સરકારને રૂ. ૮૧૧ કરોડનો વાર્ષિક બોજ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકારે આજે રાજ્યના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે ૬ ટકા મોંઘવારી ભથ્થાનો હપ્તો છુટો કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આ નિર્ણયની આજે જાહેરાત કરી છે. ૧લી જાન્યુઆરી-૨૦૧૫થી આ ભથ્થાનો વધારો આપવામાં આવશે. આ વધારાને કારણે રાજ્ય સરકારની તિજોરી પર વાર્ષિક રૂ. ૮૧૧ કરોડનો બોજો પડશે.

આ ભથ્થા વધારાનો લાભ સાત લાખથી વધુ નિવૃત્ત કર્મચારીઓ અને ૪ લાખથી પણ વધુ કર્મચારીઓને થશે.

કેન્દ્ર સરકારે તાજેતરમાં તેના કર્મચારીઓ માટે આ ભથ્થુ છુટુ કરવાના કરેલા નિર્ણયને પગલે સરકારના નાણાં વિભાગે આ અંગેની દરખાસ્ત તૈયાર કરી સરકાર સમક્ષ રજુ કરી હતી.

રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થુ ૬ ટકા વધારવાના કરેલા નિર્ણયને પગલે અત્યાર સુધી જે ૧૦૭ ટકા લેખે આ ભથ્થુ ચુકવવામાં આવતુ હતુ તે વધીને હવે ૧૧૩ ટકા થશે.

સરકાર દ્વારા આ ભથ્થુ રોકડમાં ચુકવવાનો જ નિર્ણય કરવામાં આવ્યો છે. જે હવે પછીના પગારમાં મળી જશે. રાજ્ય સરકારના તથા પંચાયતના કર્મચારીઓને આ લાભ આપવાનો નિર્ણય કલેલ છે.

# રાજયભરમાં ૧લી મેથી ૧૫ મે દરમિયાન સ્વચ્છતા અભિયાન ઝુંબેશ હાથ ધરાશે

### જાહેર સ્થાનો અને સરકારી કચેરીઓ સહિત સ્વચ્છતા માટે સામુહિક સફાઈ અભિયાનનો બીજો તબક્કો

ગાંધીનગર, તા. ૨૪

આગામી ૧લી મે થી ૧૫ મે દરમિયાન સ્વચ્છતા મિશન અંતર્ગત આખા રાજયમાં સ્વચ્છતા અંગેનું અભિયાન હાથ ધરવામાં આવશે.

રાજય સરકારે આ અભિયાનના આયોજન અંગેનું જરુરી માર્ગદર્શન જિલ્લાની કચેરીઓને આપી દીધું છે. ૩ ગુણાંકથી પણ ઓછી સ્વચ્છતા ધરાવતા વિસ્તારોમાં સફાઈ અભિયાન સઘન રીતે હાથ ધરવાનું સૂચન કરતાં સરકારે સ્વચ્છતાના ગુણાંકને ૫ સુધી લઈ જવાય તેના પર વિશેષ ભાર મુકયો છે.

સરકારી કચેરીઓ ઉપરાંત જાહેર સ્થળોની સફાઈ પણ આ દિવસોમાં કરવાની રહેશે. આ ઉપરાંત સ્વચ્છતા અંગે સ્વચ્છતા સ્પર્ધા, સ્વચ્છતા પર નિબંધ સ્પર્ધા, સ્વચ્છતા અંગે ખાસ કાર્યક્રમોનું આયોજન કરી લોક જાગૃતિ અભિયાન છેડાય તે જોવા પણ સરકારે તંત્રને તાકીદ કરી છે.

રાજય સરકારે સરકારી શાળઓ, પાણીની ટાંકી, પાણીનો જયાં સૌથી વધુ બગાડ થતો હોય તેવા સ્થળો, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો સહિતના જાહેર સ્થળોની સ્વચ્છતા ખાસ થાય તે જોવા જણાવ્યું છે.

રાજય સરકાર દ્વારા અગાઉ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. એ જ રીતે બીજા તબક્કામાં પણ આવું જ સઘન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવા માટે કડક તાકીદ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્થાપના દિવસને ગૌરવ દિવસ તરીકે ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતનો સ્થાપના દિવસ ગૌરવ દિન તરીકે ઉજવવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ ગૌરવ દિવસની ઉજવણી અંગેની માર્ગદર્શક સૂચનાઓ પણ રાજ્ય સરકારે દરેક વહીવટીતંત્રને આપી દીધી છે.

રાજ્યકક્ષાની ઉજવણી તાપી જિલ્લામાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. જો કે દરેક જિલ્લામાં આ ગૌરવ દિવસની ઉજવણી પ્રજાજનોને સાથે રાખી તંત્ર દ્વારા કરવામાં આવશે.

આ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, સરકારી કચેરીઓ પર રોશની સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં આ દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણીનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. મળતી વિગતો પ્રમાણે સરકારી કચેરીઓને રોશનીથી શણગારવા ઉપરાંત સેન્ટ્રલ વિસ્ટાને પણ વિશેષ રીતે શણગારવામાં આવનાર છે. ગાંધીનગર શહેરમાં ગૌરવ દિવસની ઉજવણીની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન વિચારણામાં હોનાનુ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.



શહેરનું પ્રાકૃતિક સૌંદર્ય - ગાંધીનગરના રાજમાર્ગ પરના સ્વર્ણિમ પાર્કમાં પ્રકૃતિનો વૈભવ નિહાળવા જેવો છે... જીવનની દોડધામમાંથી ૧૦ મિનિટ પ્રકૃતિના દર્શન માટે ફાળવીને આ વૃક્ષોને નિહાળવાથી મનને શાંતિ પ્રાપ્ત થાય છે... કાળઝાળ ગરમીમાં પણ સૌંદર્યનું સ્મિત વહેરતા ગરમાળાના વૃક્ષો માહોલને રળિયામણો બનાવે છે... સુરજના તાપની સામે ધીરજપૂર્વક અડીખમ ઉભા રહેતા વૃક્ષો આપણને સૌને જીવનના કર્મના સિદ્ધાંતોનો સૂક્ષ્મ સંદેશ આપે છે... અને તપશું તો સુંદરતા પ્રાપ્ત કરી શકાશે... તો જ જીવન અને જગત રળિમાણું લાગશે.... (તસવીર : દિપક જાની)



ઓમ શાંતિ - ગુજરાતના ભાવિકો પશુપતિનાથના દર્શન કરી પાછા ફરતા નેપાળની ખીણમાં બસ ખાબકતા ૧૭ યાત્રાળુઓના મોત નિપજ્યાના સમાચારે સૌ ગુજરાતીઓમાં સંવેદના પ્રગટાવી છે... રાજ્યની શાળાઓ - મહાશાળાઓમાં યોજાયેલી પ્રાર્થના સભામાં સદગત યાત્રાળુઓને ભાવપૂર્વક અંજલી અપાઈ હતી...

# બે વર્ષમાં ૩૯૫૮ ગુમ થયેલા બાળકો ગુજરાત પોલીસે શોધી કાઢ્યા

### બાકી રહેતા ૪૪૮ લાપત્તા બાળકોને એક મહિનામાં શોધી કાઢવા રાજ્ય પોલીસ વડાનો આદેશ : ગાંધીનગરના ૪ બાળકો હજુ લાપત્તા

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના પોલીસ વડા પી.સી. ઠાકુરે ગુમ/અપહરણ બાળકોના વાલીઓ તથા તપાસમાં રહેનાર એજન્સીઓના ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાયેલ સંમેલનમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩થી ૨૦૧૫ દરમિયાન ૪૪૦૬ બાળક/ બાળકીઓ ગુમ થયા હતા તેમાંથી ગુજરાત પોલીસ અને તપાસમાં રહેનાર એજન્સીઓની ત્વરીત કાર્યવાહીથી ૩૯૫૮ બાળક/ બાળકીઓ મળી આવ્યા છે. જ્યારે ૪૪૮ બાળક/બાળકીઓ હજુ લાપત્તા છે. ડી.જી.પી., સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા શોધી કાઢવામાં આવેલા ૩૯૫૮ બાળકો પૈકી જે એજન્સીએ સારી કામગીરી કરી હશે તેમને ઈનામો આપવામાં આવે તેવી જાહેરાત કરી હતી.

પી.સી. ઠાકુરે જણાવ્યું હતું કે ગતિશીલ ગુજરાતમાં પોલીસ પરિવારે બાળકોને શોધવામાં તાલુકા જિલા અને અન્ય રાજ્યોમાં જઈને બાળકોને શોધી લાવ્યા છે, જે બિરદાવવા યોગ્ય છે. પરંતુ હવે ૪૪૮ લાપત્તા બાળકો જેમાં સુરત શહેરના ૧૫૪, અમદાવાદ શહેરના ૧૨૫ જ્યારે બાકીના શહેર/ જિલ્લાના ૧૬૯ બાળકો હજુ સુધી મળેલ નથી. જે ગંભીર બાબત છે. આથી પોલીસ અધિકારીઓને તથા તપાસ એજન્સીઓને એક મહિનામાં ઝડપી કાર્યવાહી કરી બાળકો શોધી કાઢવા રાજ્ય પોલીસ વડાએ તાકીદ કરી છે.

આ પ્રસંગે સી.આઈ.ડી. ક્રાઈમના અધિક પોલીસ મહાનિર્દેશક ડૉ. મીરા રામનિવાસે જણાવ્યું હતું કે, બાળક/બાળકીઓ લાપત્તા થવા પાછળ ઘણાં કારણો હોય છે. અને આવા ગુનાઓ રેલવે સ્ટેશનો પર મહત્તમ બનતા હોય છે. જે ગંભીર બાબત છે. બાળકોને લાલચ આપીને તેનું અપહરણ કરવામાં આવે છે અને બાલીકાઓના જબરજસ્તીથી લગ્ન કરાવવા, બાળકો પાસે ભીખ મંગાવવી તેમજ મજુરી કામ અને ગુનાહીત પ્રવૃત્તિ સાથે સામેલ કરવા જેવા કામો કરાવતા હોય છે. જે ચિંતાનો વિષય છે. પરંતુ ગુજરાત પોલીસ તેમજ વાલીઓ અને તપાસ એજન્સીઓની સતર્કતાથી લાપત્તા બાળકો શોધવામાં ગુજરાત પોલીસે સારી કામગીરી કરી છે.

આ પ્રસંગે સુરતના સંયુક્ત પોલીસ કમિશનર સી.આર. પરમાર, સી.આઈ.ડી. ક્રાઈમના આઈ.જી.પી. એસ.એસ. ત્રિવેદી, સી.આઈ.ડી. ક્રાઈમના એસ.પી. સુજાતા મજમુદાર તેમજ પોલીસ અધિકારીઓ, લાપત્તા બાળકોના વાલીઓ, તપાસ એજન્સીના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દિલ્હી જશે

અમદાવાદ, તા. ૨૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શનિવારે તા. ૨૫ એપ્રિલના નવી દિલ્હીમાં યોજાઈ રહેલી સ્કીલ ડેવલપમેન્ટ અંગેની મુખ્યમંત્રીઓની સબ ગૃપ બેઠકમાં ઉપસ્થિત રહેશે. પંજાબના મુખ્યમંત્રીના કન્વીનર પદે રચાયેલા આ સબ ગૃપમાં ગુજરાતના મુખ્યમંત્રી સહિત ૯ રાજયોના મુખ્યમંત્રીઓ સભ્ય છે તથા નીતિ આયોગના સી.ઈ.ઓ કોઓર્ડિનેટર છે. આ બેઠકમાં સ્કીલ ડેવલપમેન્ટ વિવિધ કાર્યક્રમો, ક્ષમતા વર્ધન અને સ્કીલીગનું સ્ટાન્ડર્ડ ઈમ્પ્રુવમેન્ટ વગેરે બાબતે પરામર્શ-વિચારણા હાથ ધરાવાની છે.

# ગાંધીનગરના વેપારીને માર મારવાના મુદ્દે કોંગ્રેસ પોલીસ વડાને આવેદનપત્ર આપશે

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત સરકારનું પોલીસતંત્ર સમગ્ર ભારતની અંદર પોતાની જવાબદારી અને કામગીરી બાબતે મોખરે સ્થાન ધરાવતું હતું. આ દેશમાં ગુજરાત પોલીસની વાહ વાહ થતી હતી. ગાંધી-સરદારના ગુજરાતની એક શાંતિપ્રિય અને સમૃધ્ધ ગુજરાતની પોલીસ ખાતાની પરિસ્થિતિ છેલ્લા દસ-બાર વર્ષથી શરમથી માંથુ ઝુકી જાય એ પ્રકારની ઘટનાઓ જ્યારે રોજીંદી બની ગઈ હોય તે પરિસ્થિતિમાં આજે ગુજરાત આવી ગયું છે એનું મુખ્ય કારણ વર્તમાન ભાજપ સરકારના સત્તાધીશો અને આગેવાનોના રોજ-બરોજની દખલગીરી અને માનસિક દબાણના લીધે પોલીસ તંત્રની આ હાલતના લીધે આ ઘટનાઓનું સર્જન થઈ રહ્યું છે તેમની વાણી અને વર્તન સરકાર પ્રેરિત આંતકવાદી જેવું થઈ ગયું છે. એક તરફ ખેડુતોની આત્મહત્યાઓ વધતી હોય, બેન-દિકરીઓના ભર બજારમાં અછોડા તોડવા, બળાત્કારની ઘટનાઓ રોજીંદી બની ગઈ છે. આવી જ એક ઘટના ગુરુવારની ભર બપોરે ૧૨-૩૦ વાગ્યાના સુમારે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં સેક્ટર-૩૦માં રહેતા સુજલ ચંદ્રકાંત શાહ નામના યુવક સેક્ટર-૨૧ ખાતેની રાજ સિનેમા નજીક, અશોક પાન પાર્લર પાસે જય ભવાની વડાપાંઉ સેન્ટર ચલાવે છે. ત્યા જ જાહેરમાં સરકારના નશામાં મસ્ત એવા મંત્રી પુત્ર ઈનોવા ગાડી લઈને આવતા કંઈ વાત કે ઘટના બને તે પહેલા જ ભાઈ સુજલ શાહને સત્તાના મદદમાં રાચતા ત્રણેય

● અનુસંધાન પાન-૭ પર

## નામ બદલેલ છે

**મારું જુનું નામ બળવંતભાઈ અરવિંદભાઈ પટેલ હતું જે બદલીને નવું નામ કેવલ અરવિંદભાઈ પટેલ રાખેલ છે.**

સ્થળ : બ્લોક નં. ૧૦૬/૨, 'ચ' ટાઈપ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬

**સ્વતંત્ર મકાન / ટેનામેન્ટ ભાડે જોઈએ છે**

3-BHKનું સ્વતંત્ર મકાન / ટેનામેન્ટ ભાડેથી સારી કન્ડીશનવાળું, સારી લોકોલીટીમાં, પાર્કિંગ અને ગેસની સુવિધાવાળું જોઈએ. સેક્ટર-૭માં પ્રથમ પસંદગી, સે.૬ અને ૮માં પણ ચાલે. ફક્ત માલિક સંપર્ક કરે

સંપર્ક : મો. ૯૯૨૪૩ ૭૭૯૯૯

**જોઈએ છે**

જુના કલર ટી.વી.

૧૪'', ૨૦'' અને ૨૧''

બાંધ હાલતામાં

સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

**ઈન્ડિયન અને ઈમ્પોર્ટેડ ક્રોકરી સેલ**

50000 થી વધુ વ્હેરાયટીઝ

છેલ્લા 2 દિવસ શનિ, રવિ

Upto SALE 50% OFF

Luminarc Ocean CORELLE

સૌથી મોટામાં મોટું ક્રોકરીનું કલેક્શન આપના શહેરમાં રખે રહી જતા... પછી પસ્તાશો...

• ફ્રાન્સ, ટર્કી, જર્મની, થાઈલેન્ડ ગ્લાસવેચર • ફેન્સી પ્લાસ્ટીક વેચર, બોન ચાયના • મેલામાઈન ક્રોકરી, ગિફ્ટ આર્ટીકલ્સ • ડાયનિંગ અને સોફાસેટ કવર વગેરે

શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજની વાડી (હોલ)

સેક્ટર-૭/સી, ગાંધીનગર

આ કટીંગ લાવનારને 5% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે

**માતાજી નું જાગરણ**

**જાહેર આમંત્રણ**



ગાયક : શ્રી આશીષ શર્મા

તારીખ ૨૫-૪-૨૦૧૫

રાત્રે ૧૦ થી સવારે ૪ વાગ્યા સુધી

નિમંત્રક : શ્રી સત્યનારાયણ શર્મા

-: શુભ સ્થળ :-

ચંદ્ર ફોટો સ્ટુડીયો ની આગળ

સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૯૮૨૪૦૦૮૯૯૪, ૯૮૨૪૨૫૭૮૫૭